Alembic
Touching Lives over 100 years
**એલેમ્બિક લિમિટેડ**
CIN: L26100GJ1907PLC000033
રજીસ્ટર્ડ ઓફિસ : એલેમ્બિક રોડ, વડોદરા - ૩૯૦ ૦૦૩
ફોન : +૯૧ ૨૬૫ ૨૨૮૦૫૫૦
ઈ-મેલ : alembic.investors@alembic.co.in
વેબસાઈટ : www.alembiclimited.com

## નોટીસ
## (કંપનીના ઈક્વિટી શેર્સ ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ (IEPF) માં તબદિલ કરવા બાબત)

આ નોટીસ ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ ઓથોરીટી (એકાઉન્ટીંગ, ઓડીટ, ટ્રાન્સફર એન્ડ રીફંડ) રૂલ્સ, ૨૦૧૬ ('નિયમો') અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ નિયમોમાં, અન્ય બાબતો ઉપરાંત, એવા બધાજ શેર્સ કે જે શેર્સ ઉપર સતત સાત વર્ષો સુધી ડીવીડન્ડ ચૂકવાયું નથી કે શેરધારક દ્વારા માંગણી કરાઈ નથી તે ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ (IEPF) નાં ડીમેટ ખાતામાં તબદીલ કરવાની જોગવાઈ છે.

નિયમોમાં નિર્ધારિત વિવિધ આવશ્યકતાઓનું પાલન કરતા, કંપનીએ જેમના શેર આ નિયમો અન્વયે IEPF ડીમેટખાતામાં તબદીલ કરવાપાત્ર થાય છે તે લાગતા વળગતા બધા જ શેરધારકોને વ્યક્તિગત રીતે યોગ્ય કાર્યવાહી કરવા જાણ કરી છે.

કંપનીએ આવા શેરધારકોની વિગતો જેવી કે નામ અને ફોલીઓ નંબર/ ડીપી આઈડી ક્લાયન્ટ આઈડી નીચે દર્શાવેલ વેબલીંકપર મુકેલ છેઃ
https://www.alembiclimited.com/#iepf

માંગણી નહી કરાયેલ ડીવીડન્ડની વિગતો નીચે દર્શાવેલ વેબલીંક પર ઉપલબ્ધ છેઃ
https://www.alembiclimited.com/#dud

શેરધારકોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ વિગતોને ચકાશે અને તેમના માંગણી નહી કરાયેલ ડિવિડન્ડનો દાવો તરતજ કરે.

જેમના શેર્સ IEPF ડીમેટ ખાતામાં તબદીલ થવા પાત્ર છે તેવા શેરધારકોએ નોંધ લેવી કે તેમના શેર્સ ફીઝીકલ કે ઈલેક્ટ્રોનિક ફોર્મમાં, કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા સમયાંતરે સૂચિત પ્રક્રિયા અનુસાર IEPF ડીમેટખાતામાં સ્થાનાંતરિત કરવામાં આવશે. ફીઝીકલ ફોર્મમાં શેર્સ ધરાવતા શેરધારકોના સંદર્ભમાં, IEPF ના ડીમેટ ખાતામાં શેર્સના સ્થાનાંતરણ પછી, તેમના નામમાં નોંધાયેલા મૂળ શેર સર્ટીફીકેટો આપોઆપ રદ થઈ જશે અને બિન વાટાઘાટપાત્ર (નોન - નેગોશીયેબલ) માનવામાં આવશે. ડીમેટ ફોર્મમાં શેર્સ ધરાવતા શેરધારકોના સંદર્ભમાં, કંપની IEPF ડીમેટ ખાતાની તરફેણમાં તેમના ડીમેટ ખાતામાં રહેલા શેર્સના ટ્રાન્સફર માટે કોર્પોરેટ એક્શન દ્વારા સંબંધિત ડીપોઝીટરીને જાણ કરશે.

શેરધારકોએ વધુમાં નોંધ લેવી કે કંપનીએ પોતાની વેબસાઈટ ઉપર મુકેલી વિગતો કંપની દ્વારા નિયમો અનુસાર IEPF ડીમેટ ખાતામાં તબદીલ કરવા માટે અને નવા શેર સર્ટીફીકેટો જારી કરવા માટે પૂરતી નોટીસ તરીકે ગણાશે.

**જો ૨૧મી ઓગષ્ટ, ૨૦૨૧ અથવા કંપની દ્વારા લંબાવવામાં આવેલી અન્ય તારીખ સુધીમાં સંબંધિત શેર ધારકો તરફથી કોઈ સુચના પ્રાપ્ત નહીં થાય તો નિયમોમાં કરાયેલી જોગવાઈના અનુપાલનમાં આ શેર્સ નિયત તારીખે તે નિયમોમાં આપેલી કાર્યપધ્ધતિ પ્રમાણે કંપનીના કોઈપણ પ્રકારની આગળની કાર્યવાહી અથવા જવાબદારી વગર IEPF ડીમેટ ખાતામાં તબદીલ કરાશે.**

શેર ધારકોએ નોંધ લેવી કે IEPF માં તબદીલ થયેલા, ન ચુકવાયેલા ડીવીડન્ડ અને શેર્સ અને તેમની ઉપર મળી શકતા બધા લાભો, જો કોઈ હોય તો, સહીત નિયમ પ્રમાણેની કાર્યપદ્ધતિ મુજબ IEPF ઓથોરીટી પાસેથી વેબ ફોર્મ IEPF-5 ભરીને પરત મેળવી શકશે.

જો શેરધારકોને આ વિષયમાં કે નિયમો અંગે કોઈ પ્રશ્ન હોય તો તેઓ કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ્સ લીંક ઈન ટાઈમ ઈન્ડીયા પ્રા. લી., બી-૧૦૨ અને ૧૦૩, શાંગ્રીલા કોમ્પ્લેક્સ, ૧લા માળે, રાધાકૃષ્ણ ચાર રસ્તા પાસે, અકોટા, વડોદરા - ૩૯૦ ૦૨૦. ફોન +૯૧ ૨૬૫ ૨૩૫૬૫૭૩, ૬૧૩૬૦૦૦, ઈ-મેલ : vadodara@linkintime.co.in નો સંપર્ક કરે.

**એલેમ્બિક લિમિટેડ વતી,**
સહી/-
**દ્રિગેશ મીત્તલ**
કંપની સેક્રેટરી

સ્થળઃ વડોદરા
તારીખઃ ૧૩મી મે, ૨૦૨૧

આ નોટીસ કંપનીની વેબસાઈટ **www.alembiclimited.com** ઉપર ઈનવેસ્ટર સેક્શનમાં અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ **www.nseindia.com** અને **www.bseindia.com** ઉપર કોર્પોરેટ એનાઉન્સમેન્ટ સેક્શનમાં પણ ઉપલબ્ધ છે.